**DATE: 15/04/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-08**

# અંકલેશ્વરના દીવા રોડની સોસાયટીમાં ચોરીનો ભેદ ઉકેલાયો, બેની ધરપકડ

**બે દિવસ અગાઉ કન્સ્ટ્રક્શન માટે મુકેલા વાયર અને પ્લમ્બિંગ સામાન મળી કુલ રૂ.૭૯ હજારના મુદ્દામાલની ચોરી થઇ હતી**

અંકલેશ્વરઃ અંકલેશ્વરના દીવા રોડ ઉપર આવેલી ઓરેન્જ સિટી સોસાયટીમાં ચોરીની ઘટનાને અંજામ આપનાર ચોર સહિત વેપારીને પોલીસે ગણતરીના દિવસોમાં ઝડપી પાડી ચોરીનો ભેદ ઉકેલી કાઢ્યો હતો.

પોલીસ સૂત્રોનાં જણાવ્યા મુજબ ગત તા.૧૧મી એપ્રિલના રોજ અંકલેશ્વરના દીવા રોડ ઉપર આવેલી ઓરેન્જ સિટી સોસાયટીની ઓફિસ અને ગોડાઉનમાં કન્સ્ટ્રક્શન માટે મુકેલા વાયર અને પ્લમ્બિંગ સામાન મળી કુલ રૂ.૭૯ હજારના મુદ્દામાલની ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા. ચોરી અંગે શહેર એ ડિવિઝન પોલીસે ફરિયાદ નોંધી ઓફિસમાં લગાવેલા સીસીટીવી કેમેરાના ફૂટેજને આધારે તપાસ શરૂ હતી. તે દરમિયાન પોલીસે બાતમીનાં આધારે ચોરીની ઘટનાને અંજામ આપનાર ઉમેશ બગડિયાને જુનાગઢ ખાતેથી ઝડપી પાડ્યો હતો. જ્યારે ચોરીનો મુદ્દામાલની ખરીદી કરનાર વેપારી રાજેન્દ્ર જેસ્વાલને પણ પોલીસે પકડી પાડ્યો હતો. શહેર એ ડિવિઝન પોલીસે ગણતરીના દિવસોમાં બે ઈસમોને ઝડપી પાડી ચોરીનો ભેદ ઉકેલી કાઢ્યો હતો.

# અંકલેશ્વરના પીરામણ નાકા વિસ્તારમાં ગેસ રિફિલિંગના કૌભાંડનો પર્દાફાશ

અંકલેશ્વર, તા. ૧૪

અંકલેશ્વર એ ડિવિઝન પોલીસે પીરામણ નાકા વિસ્તારમાં ચાલતા ગેરકાયદેસર ગેસ રિફિલિંગના કૌભાંડનો પર્દાફાશ કરી આરોપીની ધરપકડ કરી હતી.

## પોલીસે દુકાનમાંથી ૧૮ નંગ ગેસના સિલિન્ડર ઝડપી પાડ્યા

અંકલેશ્વરમાં અવારનવાર ગેરકાયદે ગેસ રિફિલિંગનું કૌભાંડ બહાર આવે છે ત્યારે વધુ એક વાર પોલીસે ગેરકાયદે ગેસ રિફિલિંગનું કૌભાંડ ઝડપી પાડ્યુ હતુ.અંકલેશ્વર એ ડિવિઝન પોલીસને બાતમી મળી હતી કે અંકલેશ્વરના પીરામણ નાકા પાસે આવેલ બુરહાની ગિફ્ટની દુકાનમાં ગેસની મોટી બોટલમાંથી નાની બોટલમાં ગેરકાયદે રીતે ગેસ ટ્રાન્સફર કરવામાં આવે છે.જેના આધારે પોલીસે દરોડા પાડ્યા હતા.

પોલીસના દરોડામાં દુકાનમાંથી ૧૮ નંગ ગેસના સિલિન્ડર મળી આવ્યા હતા.આ સાથે જ ગેસ રિફિલિંગ કરવાના સાધનો પણ પોલીસે કબજે કર્યા હતા.પોલીસે અંકલેશ્વરના વ્હોરવાડ વિસ્તારમાં રહેતા મુસ્તુફા શબ્બીર અંકલેશ્વરીયાની ધરપકડ કરી તેની વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

**DATE: 15/04/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-10**

### પેરોલ ફર્લો સ્કવૉડના હાથે ઝડપાયો

# છેલ્લાં ૧૨ વર્ષથી નાસતો ફરતો આરોપી અક્કલકૂવાથી ઝડપાયો

| અંકલેશ્વર |

છેલ્લા ૧૨ વર્ષથી નાસતો ફરતો આરોપી મહારાષ્ટ્ર-અક્કલકુવાથી પેરોલ ફર્લો સ્કવૉડના હાથે ઝડપાયો ભરૂચ જિલ્લાના અંકલેશ્વર શહેર એક ડિવિઝન પોલીસ મથકના ચોરીના ગુનામાં છેલ્લા ૧૨ વર્ષથી નાસતા ફરતા લિસ્ટેડ આરોપીને મહારાષ્ટ્રના અક્કલકુવા ખાતેથી પેરોલ ફર્લો સ્કોડની ટીમે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ મહા નિરીક્ષક સંદીપસિંહ વડોદરા રેન્જ તથા ભરૂચ જિલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડા દ્વારા પેરોલ પર જમ્પ ફરાર આરોપી તથા નાસતા ફરતા આરોપીઓને પકડવા માટે આપવામાં આવેલ સૂચનાના આધારે ભરૂચ પેરોલ ફર્લો સ્કોડની ટીમ દ્વારા જિલ્લામાં બનેલા ગુનાઓમાં નાસતા ફરતા આરોપીઓને પકડવા માટે તપાસ હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન ખાનગી બાતમીના આધારે અંકલેશ્વર શહેર એક ડિવિઝન પોલીસ મથકના ગુનાના કામે નાસતા ફરતા આરોપી દીન મહંમદ બસીર મહંમદ મકરાણીને મહારાષ્ટ્રના અક્કલકુવા ખાતેથી પકડી સીઆરપીસી કલમ ૪૧ (૧) આઈ મુજબ અટકાયત કરવામાં આવી છે, જે આરોપી વિરુદ્ધ આગળની કાર્યવાહી કરવા માટે અંકલેશ્વર શહેર એક ડિવિઝન પોલીસને સોંપાયો છે.

**DATE: 15/04/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### ભંગારીયાની અટકાયત કરી પૂછપરછ શરૂ

# અંકલેશ્વરના ગોડાઉનમાંથી 320 કિલો ભંગાર પોલીસે જપ્ત કર્યો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરની જીવન જયોત સોસાયટીમાં આવેલાં સ્ક્રેપના ગોડાઉનમાંથી પોલીસે 320 કિલો શંકાસ્પદ ભંગાર સાથે ભંગારીયાને ઝડપી પાડયો છે. એ ડિવિઝન પોલીસ ટીમ શહેરમાંમિલકતસંબંધી ગુના અટકાવવા માટે પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન બોરભાઠા રોડ પર આવેલ જીવન જ્યોત સોસાયટી ખાતે કાર્તિક સ્ક્રેપના ભંગારના ગોડાઉનમાં દરોડા પાડ્યા હતા. તપાસ દરમિયાન લોખંડની સેન્ટિગ એંગલ, લોખંડના પાઈપ, જેક, એસ. એસ વાલ્વ સહીતના ભંગાર નો 320 કિલો નો જથ્થો મળી આવ્યો હતો. ગોડાઉનનો માલિક શિવકુમાર રામગોપાલ જયસ્વાલ આ ભંગારના સામાન અંગે યોગ્ય જવાબ આપી શકયો ન હતો. આ ભંગારનો જથ્થો ચોરીનો હોવાનું અનુમાન લગાવીને ભંગારીયાની અટકાયત કરવામાં આવી છે. તેની પાસેથી 12 હજારનો મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 16/04/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-01**

# અંકલેશ્વરના કાપોદ્રા ગામે જાહેરમાં નશાયુક્ત તાડીનું વેચાણ કરતો શખ્સ ઝડપાયો

અંકલેશ્વર તા.૧૫

અંકલેશ્વર તાલુકા પોલીસે કાપોદ્રા ગામની સનસિટી સોસાયટી સામેથી ખુલ્લામાં નશા યુક્ત તાડીનું વેચાણ કરતા એક ઈસમને ઝડપી પાડ્યો હતો. અંકલેશ્વર તાલુકાના કાપોદ્રા ગામની સન સિટી સોસાયટી સામે ખુલ્લામાં એક ઈસમ નશા યુક્ત પ્રદાર્થ તાડીનું વેચાણ કરે છે જેવી બાતમીના આધારે તાલુકા પોલીસે દરોડા પાડ્યા હતા.પોલીસે સ્થળ પરથી ૧૨ લિટર નશા યુક્ત તાડીનો જથ્થો કબ્જે કર્યો હતો અને મૂળ તેલંગાણા અને હાલ કાપોદ્રા ગામની નવી નગરી ખાતે રહેતો મુથ્થઈયા શ્રીરામુલુ કાડીગુને ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી હતી.

**DATE: 16/04/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

## વિઝા માટે બોગસ દસ્તાવેજ બનાવ્યાં હતાં

# મહારાષ્ટ્ર પોલીસમાં 23 વર્ષથી ફરાર આરોપી નબીપુરથી ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

વિઝા બનાવવા માટે મહારાષ્ટ્રના એક પોલીસ સ્ટેશનમાં શખ્સે 23 વર્ષ પહેલાં બોગસ દસ્તાવેજો આપ્યાં હોઇ તેની સામે ગુનો નોંધાયો હતો.

મહારાષ્ટ્રમાં આવેલાં કુફે પરડે પોલીસ સ્ટેશન વિસ્તારમાં 23 વર્ષ પહેલાં રહેતાં રફિક અહેમદ સુલેમાન નાનલાવાલાએ વિદેશ જવા માટેના ડોક્યુમેન્ટ તૈયાર કર્યાં હતાં. જેમાં તેણે વિઝા મેળવવા માટે બોગસ દસ્તાવેજો બનાવ્યાં હોવાનું પોલીસને માલુમ પડતાં પોલીસે તેની સામે ફરિયાદ નોંધી હતી. ભરૂચ એસઓજીની ટીમ ફરાર આરોપીઓને શોધવાની કવાયતમાં હતી. તે વેળાં 23 વર્ષથી મહારાષ્ટ્રના કુફે પરડે પોલીસ મથકમાં વોન્ટેડ રફિક અહેમદ સુલેમાન નાનલાવાલા નબીપુરની પ્રિન્સ હોટલમાં હાજર છે. તેવી ચોક્કસ બાતમી મળતાં ટીમે તેને ઝડપી પાડી નબીપુર પોલીસને સોંપ્યો હતો. ઉપરાંત મહારાષ્ટ્ર પોલીસને જાણ કરવામાં આવી હતી.

**DATE: 16/04/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-09**

# જંબુસરમાં રામનવમીને અનુલક્ષીને શાંતિ સમિતિની મિટિંગ યોજાઈ



। જંબુસર ।

આગામી ૧૭ મી રોજ આવનાર રામ નવમી પર્વને અનુલક્ષીને વિભાગીય પોલીસ અધિક્ષક પી.એલ ચૌધરીની અધ્યક્ષતામા જંબુસરના પોલીસ ઈન્સ્પેક્ટર એ.વી. પાણમિયાની ઉપસ્થિતિમા જંબુસર પોલીસ મથકે શાંતિ સમિતિની મીટીંગ યોજાઈ હોવાના સમાચાર પ્રાપ્ત થયા છે.

આગામી તારીખ ૧૭ ના રોજ આવનાર રામ નવમી ના પર્વ ને અનુલક્ષી ને જંબુસર પોલીસ મથક ખાતે વિભાગીય પોલીસ અધિક્ષક પી.એલ ચૌધરી ના અધ્યક્ષ સ્થાને પોલીસ ઈન્સપેકટર એ.વી. પાણમિયા ની ઉપસ્થિતિ મા શાંતિ સમિતી ની મીટીંગ યોજાઈ હતી. આ મીટીંગ મા રામનવમી પર્વ ની શાંતિપૂર્ણ માહોલમાં એકતા ભાઈચારા થી ઉજવણી થાય તેવી વિભાગીય પોલીસ અધિક્ષક પી. એલ ચૌધરી તથા પોલીસ ઈન્સ્પેક્ટર એ.વી. પાણમિયા એ ઉપસ્થિત નગર ના અગ્રણીઓ ને જણાવ્યુ હતુ.મીટીંગ મા ઉપસ્થિત શહેર ભાજપ પ્રમુખ ચંદ્રકાંતભાઇ પટેલ, વિશ્વ હિંદુ પરિષદ ના અગ્રણી ભુપેન્દ્ર પંચાલ, તાલુકા ભાજપ પ્રમુખ બાલુભાઈ ગોહિલ, પાલિકા વિપક્ષ નેતા સાકીર મલેક, અનવર સૈયદ, ઈમ્તિયાઝ હુસેન સૈયદ, મૌલાના સદામ હુસેન,પાલિકા સદસ્ય કાદરબેગ મિર્ઝા સહિતના આગેવાનોએ જંબુસરમાં હિંદુ મુસ્લિમ તહેવારો એકતા અને ભાઈચારાથી ઉજવણી કરવામાં આવે છે. અને આગામી રામનવમી પર્વની પણ શાંતિપૂર્ણ માહોલમાં એકતા થી ઉજવણી થશે તેમ જણાવ્યુ હતુ.

## પર્વની શાંતિપૂર્ણ માહોલમાં ઉજવણી થશે

**DATE: 16/04/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-09**

# અંકલેશ્વરમા શંકાસ્પદ ભંગાર સાથે વેપારી ઝડપાયો

**અંકલેશ્વર**

અંકલેશ્વરના સારંગપુર ગામના પદ્માવતી નગર સ્થિત ભંગારની દુકાનમાંથી શંકાસ્પદ ભંગાર સાથે એક ઈસમને શંકાસ્પદ હાલતમાં ઝડપી પાડ્યો હતો. ભરૂચ જિલ્લા પોલીસ વડા મયુર ચાવડા દ્વારા જિલ્લામાં ઘરફોડ ચોરીના ગુનાઓ બનતા અટકાવવા અને વણશોધાયેલ ઘરફોડ ચોરીના ગુનાઓ શોધી કાઢવા આપેલી સૂચનાને પગલે એલસીબીના પી.આઈ અને પી. એસ.આઈના માર્ગ દર્શન હેઠળ સ્ટાફ અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલિંગમા હતો તે દરમિયાન બાતમી મળી હતી કે સારંગપુર ગામના પદ્માવતી નગરમાં રોશન અમરનાથસીંગ પોતાની ભંગારની દુકાનમાં શંકાસ્પદ મોટરો,કોપરનો જથ્થો સંતાડી રાખે છે.જેવી બાતમીના આધારે પોલીસે દરોડા પાડ્યા હતા.

પોલીસે સ્થળ પરથી લોખંડની ૮ મોટર,કોપર વાયર અને સ્ટીલ મળી કુલ ૧.૮૯ લાખનો જથ્થો કબ્જે કરી ભંગારના વેપારી રોશન સિંગની ભંગાર અંગે પૂછપરછ કરતાં તેણે સંતોષકાર જવાબ નહીં આપતા પોલીસે મૂળ યુપી અને હાલ અંકલેશ્વરના સારંગપુર સ્થિત લક્ષ્મણનગરમાં ભાડેથી રહેતો રોશન સિંગ અમરનાથ સિંગની શંકાસ્પદ હાલતમાં ઝડપી પાડી વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 16/04/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# અંક્લેશ્વરમાંથી દારૂ પ્રકરણમાં ફરાર આરોપી ઝબ્બે

ભાસ્કરન્યુઝ | અંક્લેશ્વર

અંક્લેશ્વરના દઢાલ ગામ પાસેથી 6 માર્ચ 2023ના રોજ કારમાંથી દારૂની 294 બોટલ દારૂ ઝડપી લેવાયો હતો. જેમાં દઢાલ ના બુટલેગર અબ્દુલ કાદીર ઈબ્રાહીમ શાહ દિવાનઅને કોસંબાના કઠવાડા ના સુનિલ ઉર્ફે ભૈયો વસાવાનું નામ સામે આવ્યું હતું. ગુનામાંછેલ્લા એક વર્ષથી ફરાર કઠવાડાના સુનિલ ઉર્ફે ભૈયો વસાવા તેના ગામમાં આવ્યો હોવાની માહિતી મળતાં પોલીસે તેને ઝડપી / પાડયો છે.તેને અંક્લેશ્વર ખાતે લઈ આવી હતી અને તેના રિમાન્ડની તજવીજ શરુ કરી હતી.

**DATE: 16/04/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-00**

### ભરૂચની સ્વિટ હોમ રેસિડન્સી ખાતે ચોરીનો ભેદ ગણતરીના કલાકોમાં ઉકેલાયો

# ભોલાવના મેડિકલ સ્ટોરમાંથી ચોરી કરનારા બે તસ્કરને અયોધ્યાનગરમાંથી ઝડપી લેવાયાં

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

ભરૂચના ભોલાવ ખાતે આવેલી સ્વિટ હોમ રેસિડન્સી ખાતે રહેતાં નરેશપુરી રતનપુરી ગૌસ્વામી તેમના રેસિડન્સી ખાતે જ ઉર્વી મેડિકલ સ્ટોર ચલાવે છે. ગત 13મીએ તેઓ તેમની દુકાનને રાત્રીના સાડાદશ વાગ્યાના અરસામાં નિત્યક્રમ મુજબ શટરને તાળું મારી ઘરે જતાં રહ્યાં હતાં. દરમિયાનમાં ગઇકાલે રાત્રીના 3.26 વાગ્યે હરિદ્વાર સોસાયટીમાં રહેતાં તેમના ઓળખીતા રોકીનો ફોન આવ્યો હતો. અને જણાવ્યું હતું કે, તમારા મેડિકલ સ્ટોરનું અડધુ શટર ઉંચુ થયેલું જણાયું છે. તમે તમારી આવીને જોઇ લો જેથી તેઓ તુરંત ત્યાં દોડીગયાં હતાં. તેમણે દુકાનમાં જઇ તપાસ કરતાં તેમણે દુકાનના ગલ્લામાં વેપારીને ચુકવવા મુકેલાં રોકડા 25 હજાર તેમજ અન્ય અગત્યના ડોક્યુમેન્ટ એક પર્સમાં મુક્યું હતું. તે ચોરી થયાનું જણાયું હતું. તેમણે સીસીટીવીના ફૂટેજ તપાસતાં રાત્રીના 2.38 વાગ્યે બે શખ્સોએ દુકાનમાં ફેરવી સીસીટીવી કેમેરા સાઇડમાં ફેરવી દુકાનમાં ચોરી કરી ગયાંનું જણાતાં તેમણે સી ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. જેના પગલે સ્થાનિક પોલીસ સહિત એલસીબી-એસઓજીની ટીમ પણ કામે લાગી હતી. દરમિયાનમાં એસઓજીના હેકો નરેશભાઇ તેમજ રવિન્દ્રભાઇને ચોક્કસ બાતમી મળી હતી કે, ચોરીને અંજામ આપનારા બન્ને અયોધ્યાનગર ઝૂપડપટ્ટીમાં રહે છે. જેના પગલે ટીમે ત્યાં પહોંચી નટુ હિરા માવી તેમજ મિથુન નવિન ઉર્ફે નગરા હઠીલા નામના બે ચોરોને ઝડપી પાડી તેમને સી ડિવિઝન પોલીસને સોંપતાં પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 16/04/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### બે મોબાઇલ મળી 21 હજારનો મુદ્દામાલ જપ્ત

# સામલોદ ગામે આંકડાનો જુગાર રમાડતી મહિલા સહિત બે ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ તાલુકામાં આવેલાં સામલોદ ગામે ભેસાસુર ફળિયામાં જાહેરમાં આંકડાનો જુગાર રમાડતી એક મહિલા સહિત બે જણાને પોલીસે ઝડપી પાડી રોકડા તેમજ મોબાઈલ મળી 21 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. બન્ને વિરૂદ્ધ નબીપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.

ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમ પેટ્રોલિંગમાં હતી તે વેળાં ચોક્કસ બાતમી મળી હતી કે, સામલોદ ગામે ભેસાસુર ફળિયામાં રહેતી નિતા આશિષ પાટણવાડિયા તેના ઘરની સામે કેટલાંક માણસો વડે આંકડાનો જુગાર રમાડે છે. જેના પગલે ટીમે સ્થળ પર દરોડો પાડ્યો હતો. પોલીસને જોઈને જુગારિયાઓમાં દોડધામ મચી ગઈ હતી. જોકે, ટીમે નિતા પાટણવાડિયા તેમજ રમેશ પરષોત્તમ પ્રજાપતિને ઝડપી પાડ્યાં હતાં. ટીમે તેમની પાસેથી રોકડા રૂપિયા 11,690 તેમજ 10 હજારના બે મોબાઈલ મળી કુલ 21 હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

**DATE: 16/04/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### કતલના ઇરાદે રાખનારની ધરપકડ

# મનુબર ગામે કતલ માટે બાંધેલું ગૌવંશ બચાવાયું

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

ભરૂચ તાલુકામાં આવેલાં મનુબર ગામે રહેતો સમીર દાઉદ ઘોરાટ હાફેજ કોલોની પાછળ આવેલાં બાવળની ઝાડીઓમાં ગૌવંશની કતલ કરવા માટે લાવીને બાંધી રાખે છે. જેના પગલે ટીમે સ્થળ પર દરોડો પાડ્યો હતો. ટીમે એલઇડી લાઇટથી બાવળિયામાં તપાસ કરતાં ત્યાં એક કૃરતા પુર્વક બાંધેલી ગાય મળી આવી હતી. તેમજ ત્યાં બાજુમાં જ એક શખ્સ બેઠેલો મળ્યો હતો. જેનું નામઠામ પૂછપરછ સમીર દાઉદ ઘોરાટ હોવાનું જણાવ્યું હતું. સ્થળ પર તપાસ કરતાં ત્યાંથી છરા તેમજ લાકડાના ગોળ ખડ તેમજ તાડપત્રી અને દોરડા મળી આવ્યાં હતાં. ગાય અંગે તેને પુછતાં તેણે કોઇ યોગ્ય પ્રત્યુત્તર આપ્યો ન હતો. જેથી ટીમે ગાયને બચાવી સ્થળ પરથી કટિંગ કરવા માટેના 7 મોટા છરા, 10 નાની છરી, 2 લાકડાના ગોળ ખડ ( ડિમ્ચા) એલઇડી લાઇટ, તાડપત્રો, 9 દોરડા, સહિતનો મુદ્દામાલ જપ્ત કરી તેની સામે પશુઘાતકીપણાની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધાયો છે.

**DATE: 17/04/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-03**

### ભરૂચ એલસીબીએ સારસા નજીકથી ઝડપી પાડ્યાં

# નવા રાજુવાડીયામાં સોલર પાર્કમાંથી વાયરોની ચોરી કરનાર 2 તસ્કર ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

નર્મદા જિલ્લાના નવા રાજુવાડીયા ગામની સીમમાં સોલાર પાર્ક પ્લાન્ટમાં થયેલ ચોરીમાં સંડોવાયેલ બે આરોપીઓને ભરૂચ એલસીબીએ 1 લાખના મુદ્દામાલ સાથે ઝડપી પાડયાં છે.


એલસીબીની ટીમે સારસા ગામ પાસે વોચ ગોઠવીને સ્કૂટી લઈને પસાર થઈ રહેલાં યુવાનોને રોકયાં હતાં. તેમની પાસે રહેલાં કોપરના વાયરો અંગે પૂછપરછ કરતાં તેઓ યોગ્ય જવાબ ન આપી શકતાં તેમની અટકાયત કરાઈ હતી. તેમના નામ રોહિત વસાવા ( રહે. કાલીયાપરા, ઝઘડિયા ) અને અંકિત વસાવા ( રહે. વિરપોર, નાંદોદ) હોવાનું બહાર આવ્યું હતું. તેમણે કબૂલાત કરી હતી કે, નવા રાજુવાડીયા ગામની સીમમાં સોલાર પાર્ક પ્લાન્ટમાં સોલાર પેનેલમાં લગાવેલ 1200 થી 1300 મીટર જેટલા વાયરો ગાડી ઉપર મુકી તવડી ગામની ખાડી પાસે લાવી ઉપરના પ્લાસ્ટીક સળગાવી દઈને કોપરના વાયરો વેચવા માટે જતા હતાં. બંને પાસેથી 35 કિલો કોપરના વાયર, 3 મોબાઈલ તથા સ્કૂટી મળી કુલ 1 લાખનો મુદામાલ જપ્ત કરાયો છે. બંને આરોપીને એલસીબીએ વધુ તપાસ માટે રાજપારડી પોલીસને સોંપ્યાં છે અને આમલેથા પોલીસને પણ જાણ કરાઈ છે.

### જંબુસરમાં રામનવમીના તહેવાર નિમિત્તે ફ્લેગ માર્ચ યોજાઈ

# ભરૂચ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવવા પોલીસ વિભાગ સતર્ક બન્યું

ભાસ્કરન્યુઝ।ભરૂચ

ભરૂચ જિલ્લામાં આવતી કાલે યોજાનાર રામનવમીના તહેવાર નિમિત્તે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવી રાખવા માટે પોલીસ સતર્ક બનતી હોય છે. ત્યારે જંબુસર ખાતે જિલ્લા પોલીસ વડાની હાજરીમાં નગરમાં ફ્લેગ માર્ચ યોજાઈ હતી.જેમાં એસપીએ વિવિધ વિસ્તારોમાં ફરીને તેની માહિતી મેળવી અધિકારીઓને સુચનાઓ આપી હતી.



ભરૂચ જિલ્લામાં તહેવારમાં કોઈ પણ અસામાજિક તત્વ ભંગ ના પાડે અને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે હેતુસર જિલ્લામાં ચુસ્ત બંદોબસ્ત સહિત પેટ્રોલિંગ હાથ ધરાતું હોય છે.ત્યારે આજરોજ ભરૂચ જિલ્લા એસપી મયુર ચાવડા જબુંસર પોલીસ મથકની મુલાકાત લઈ રામનવમી નિમિત્તે નગરના વિવિધ વિસ્તારમાં ફ્લેગમાર્ચમાં જોડાયા હતા.ફ્લેગ માર્ચમાં જંબુસર પોલીસ મથકના પીઆઈ એ.વી. પાનમિયા,એલસીબી પીઆઈ મનીષ વાળા સહિતના પોલીસ અધિકારીઓ અને પોલીસ કર્મીઓ જોડાયા હતા.

**DATE: 17/04/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### અંક્લેશ્વરમાં શાંતિ સમિતિની બેઠક મળી

# રામનવમીની શોભાયાત્રા વેળાં શાંતિ જાળવી રાખવા અપીલ

ભાસ્કરન્યૂઝ | અંક્લેશ્વર

અંક્લેશ્વરમાં આવતીકાલે રામ નવમીના પર્વની ઉજવણી કરવામાં આવશે ત્યારે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે શાંતિ સમિતિની બેઠક્નું આયોજન કરવામાં આવ્યું હતું.ભરૂચ જિલ્લામાં ઠેર ઠેર રામનવમી પર્વની ઉજવણી કરવામાં આવશે રામનવમી નિમિત્તે ભગવાન રામની વિશાળ શોભાયાત્રા પણ નીકળશે ત્યારે આ દરમિયાન શહેરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે પોલીસ દ્વારા શાંતિ સમિતિની બેઠક યોજાઇ હતી વિભાગીય પોલીસ વડા ડો. કુશલ ઓઝા ની અધ્યક્ષતામાં શાંતિ સમિતિની બેઠક્નું આયોજન કરવામાં આવ્યું હતું. જે શોભાયાત્રા દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાશે આ સાથે જ રામનવમીનું પર્વ કોમી એખલાસ ભર્યા વાતાવરણમાં ઉજવાય તે માટે અપીલ કરવામાં આવી છે.

**DATE: 17/04/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-07**

# ભરૂચની 6 ઔદ્યોગિક વસાહતમાં 22 પીઆઈ, 230 જવાનો દ્વારા કોમ્બિંગ


**૨૭૬ જેટલા મામલાઓ સામે કાર્યવાહી કરાઈ, 189 વાહનોનું ચેકીંગ અને 98 વાહન જપ્ત કરાયાં**

અંકલેશ્વરઃ ભરૂચ જિલ્લા પોલીસ દ્વારા લોકસભા ચૂંટણીને લઈ ૬ ઔદ્યોગિક વસાહતમાં કોમ્બિંગ હાથ ધરી ૨૭૬ જેટલા મામલાઓ સામે કાર્યવાહી કરાઈ હતી.

ભરૂચ જિલ્લા પોલીસ વડા દ્વારા બુધવારે રામનવમી અને ચૂંટણીને લઈ કાયદો વ્યવસ્થા જાળવવા અને અસમાજિક પ્રવૃતિઓ અટકાવવા માટે મેગા સર્ચ હાથ ધરાયુ હતુ. ભરૂચ, અંકલેશ્વર અને જંબુસર ડિવિઝનના ડીવાયએસપીના સુપરવિઝનમાં ભરૂચ, અંકલેશ્વર, દહેજ, જંબુસર અને ઝઘડિયા-પાનોલી સહિત ૬ ઔદ્યોગિક વસાહતમાં મેગા કોમ્બિંગ હાથ ધરાયુ હતુ. ભરૂચ જિલ્લા પોલીસ, એલસીબી, એસઓજી, સિટી, રૂરલ, જીઆઈડીસી, ડિવિઝન પીઆઈ સહિત ૪૬ જેટલા અધિકારીઓએ અને ૨૩૦ પોલીસ કર્મીઓએ લેબર કોલોની, ગોડાઉન, વેર હાઉસ અને બંધ કંપનીઓ સહિતના સ્થળોએ ચેકિંગ હાથ ધર્યું હતુ. મેગા કોમ્બિંગમાં પોલીસે ૨૭૬ જેટલા મામલાઓ સામે કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં બીરોલ-૧૮૦, ગોડાઉન, રો હાઉસ, બંધ કંપનીના ૬૬ સ્થળો ચેક કરી રૂ.૫૦૦૦ નો દંડ પણ વસુલાયો હતો. જિલ્લામાં ૩૩ લેબર કોલોની અને વસાહતમાં સર્ચ કરાયુ હતુ, વાહન જપ્તના ૯૮ કેસ, પ્રોહિબિશન એક્ટના ૭૩ કેસ, ભાડુઆત જાહેરનામા ભંગના ૭૨ કેસ, ૪૨ એમસીઆર તપાસયા હતા. ટ્રાફિકના અડચણરૂપ ૬ કેસ, પુરઝડપે વાહન હંકારનાર ૧૬ વ્યક્તિ સામે કાર્યવાહી સાથે ૧૮૯ વાહનો ચેક કરાયા હતા. પોલીસના કોમ્બિંગને પગલે અસમાજિક તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. ચેકીંગમાં ક્વિક રિસ્પોન્સ ટીમ, બૉમ્બ ડીસ્પોઝલ ટીમ, એન્ટી હ્યુમન ટ્રાફિક યુનિટ, પેરોલ ફ્લો, દહેજ, ભરૂચ, અંકલેશ્વર, પાનોલી, જંબુસર, ઝઘડિયા પોલીસ સ્ટેશનની ટીમો સાથે ૨૨ પી.આઈ., ૨૪ પીએસઆઈ અને ૨૩૦ જવાનો જોડાયા હતા.

**DATE: 18/04/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# રાજપારડીમાં પોલીસની ફ્લેગમાર્ચ



ઝઘડિયા । લોકસભાની ચૂંટણી પહેલાં ભરૂચ જિલ્લામાં વિવિધ સ્થળોએ ફ્લેગમાર્ચ યોજવામાં આવી રહી છે.રાજપારડીના ચારરસ્તા,મેઈન બજાર. જુમ્મા મસ્જિદ વિસ્તાર, કન્યાશાળા ફળિયું, જાંબુડા ફળિયા સહિતના વિસ્તારોની ભૌગોલિક સ્થિતિનું નિરિક્ષણ કરાયું હતું. 120થી વધારે પોલીસ જવાનો, જીઆરડી તથા હોમગાર્ડના જવાનો જોડાયાં હતાં. ભરૂચ લોકસભા બેઠક માટે 7મી મે ના રોજ મતદાન થવાનું છે.

**DATE: 18/04/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### લોકસભાની ચૂંટણીને અનુલક્ષી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવાનો પ્રયાસ

# ભરૂચ પોલીસે એક મહિનામાં રાજ્ય તથા બહારથી ફરાર 114 આરોપીને ઝડપી પાડ્યાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ પોલીસે છેલ્લાં એક મહિનામાં ગુજરાત તેમજ અન્ય રાજ્યના અલગ અલગ ગુનાઓમાં વોન્ટેડ આરોપીને ઝડપી પાડવાની ઝૂંબેશ હાથ ધરી હતી. જેમાં તેમણે અલગ અલગ ગુનાઓમાં વોન્ટેડ 114 આરોપીઓને ઝડપી પાડ્યાં હતાં.

ભરૂચ જિલ્લામાં લોકસભાની ચૂંટણીને લઈને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે એસપી મયુર ચાવડાએ સ્પેશિયલ ડ્રાઈવ રાખી હતી. જેમાં એલસીબી પીઆઈ તેમજ અન્ય પોલીસ સ્ટેશનના કર્મીઓની ટીમો બનાવી અલગ અલગ રાજ્યોમાં ટીમ મોકલી ત્યાંથી સ્થાનિક પોલીસ સાથે સંકલન કરી આરોપીઓને ઝડપી પાડવાની કવાયત હાથ ધરી હતી. જેના ભાગરૂપે ગુજરાતમાંથી 75, ઉત્તર પ્રદેશમાંથી 8, મહારાષ્ટ્રમાંથી 11, રાજસ્થાનમાંથી 10, મધ્યપ્રદેશમાંથી 8 તેમજ દમણમાંથી 2 એમ કુલ 105 આરોપીઓને ઉપરાંત અલગ અલગ રાજ્યોમાં સજાના કામે નાસતા ફરતાં 9 વોન્ટેડ આરોપીઓને ટીમે ઝડપી પાડ્યાં હતાં. જે પૈકી મિલકત સંબંધી ગુનામાં 45, શરીર સંબંધી ગુનામાં 15, જમીનને લગતાં ગુનામાં 13, પ્રોહિબિશનના ગુનામાં 13, મહિલા તેમજ બાળક વિરૂદ્ધના ગુનામાં 9, અન્ય ગુનામાં 10 તેમજ ચેક રિટર્ન કેસમાં 9 કેસમાં આરોપીઓ ઝડપાયાં હતાં. જેની સાથે સાથે એક મહિનામાં નોન બેલેબલ વોરન્ટના કેસના 1273 આરોપીઓને પકડી તેમને વોરન્ટ બજવણી કરી કોર્ટમાં રજૂ કર્યાં હતાં. આગામી દિવસોમાં પણ પોલીસ વિભાગની કામગીરી ચાલુ રહેશે.

### આરોપી સામે રાજયભરમાં 6 ગુના નોંધાયેલાં છે

# અંકલેશ્વરમાં શ્રમિક મહિલાનું પાકીટ તફડાવી લેનાર ઝડપાયો

ભાસ્કરન્યૂઝ | અંકલેશ્વર

અંક્લેશ્વર રેલ્વે સ્ટેશન પાસે રહેતી અને મજૂરી કામ કરતી કુવરીબેનબાળકો સાથે પ્રતિન હોટલ નજીક ઓટલા પર સુઈ ગઈ હતી તે દરમિયાન તેનું 1,200 રૂપિયા રોકડા અને મોબાઈલ સાથેનું પાકીટ ચોરી થઈ જવા પામ્યું હતું. બનાવ અંગે અંક્લેશ્વર બી ડિવિઝન પોલીસ મથકે તેમના દિયર કાના મહીડાએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. ચોરીના પાકીટ સાથે રીઢો ચોર પ્રતિન ચોકડી પાસે હોવાની ચોક્કસ માહિતી પોલીસને મળી હતી.પોલીસે જિન ફળીયા અંક્લેશ્વર માં રહેતા પ્રહલાદ નટવર દંતાણી ( દેવીપૂજક)ની ધરપકડ કરી હતી.તેની પાસેથી ચોરી થયેલ પાકીટ અને મોબાઈલ રિક્વર કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે ઝડપાયેલારીઢા પાકીટમાર સામે અંક્લેશ્વર શહેર એડિવિઝન પોલીસ મથક માં અને નવસારી પોલીસ મથક માં 7 ગુના અગાઉ દાખલ થયેલ છે. ત્યારે રીઢા ચોર વધુ એક પાકીટ મારી કરી ભાગવા જતા પોલીસના હાથેઝડપાઈગયોહતો.

### લગ્ન માટે ચાર યુવકો બતાવ્યાં પણ પસંદ ન પડતાં ભાગી છૂટી

# ઓરિસ્સાથી ગોધરા લવાયેલી યુવતી ટ્રેનમાં બેસી અંકલેશ્વર ભાગી આવી

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર તાલુકાના નજીકના એક વિસ્તારમાં19 વર્ષની અજાણી મહિલા રખડતી ભટકતી હાલતમાં જોવા મળતાં 181 પર સ્થાનિકોએ જાણ કરી હતી. અભયમની ટીમે સ્થળ પર પહોંચીને તપાસ કરી યુવતીનો પત્તો મેળવ્યો હતો. યુવતી ઓરિસ્સા પાસેના એક ગામની રહેવાસી નીકળી હતી. તેની પૂછપરછ કરતાં તેણે જણાવ્યું હતું કે, તેની દીદી તેને લગ્ન કરાવવાના ઈરાદે ઓરિસ્સાથી ગોધરા લઈ આવી હતી. ગોધરામાં ચાર યુવાનો તેને બતાવવામાં આવ્યાં પણ એક પણ તેને પસંદ આવ્યો ન હતો. તેમ છતાં દીદી લગ્ન માટે જબરદસ્તી કરતી હતી. તેથી તે ગોધરાથી ટ્રેનમાં બેસીને અંકલેશ્વર આવી ગઈ હતી. તેને રડતાં જોઈ એક સેવાભાવી મહિલા તેને અંકલેશ્વર રેલ્વેની એક ઓફિસમાં મૂકી જતી રહી હતી. 181ની ટીમે યુવતીને ઓએસસી સેન્ટરમાં સોંપી છે. આગામી દિવસોમાં તેના પરિવારનો સંપર્ક કરી તેને પરિવારને સોંપવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. 181 અભયમની ટીમે યુવતીનું કાઉન્સેલિંગ કરી તેને હૂંફ પુરી પાડતાં તેણે પોતાની આપવીતી જણાવી હતી અને તેના કારણે તેના પરિવારનો પત્તો મેળવવાનો માટેનો માર્ગ મોકળો બન્યો હતો.

**DATE: 19/04/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE-12**

# નેત્રંગ પંથકમાં શ્રીરામ જન્મોત્સવની ભવ્ય શોભાયાત્રા કોમી એકતા સાથે નીકળી



**નગરમાં** નીકળેલી શોભાયાત્રામાં ભક્તજનોને મુસ્લીમ સમાજનાં યુવકો દ્વારા છાશ અને પાણી વિતરણ કરાયું

નેત્રંગઃ નેત્રંગ પંથકમા શ્રીરામ જન્મોત્સવની ભવ્ય ઉજવણી ભક્તિમય માહોલમા આનંદ ઉત્સાહ સાથે ભાવિક ભકતજનોએ ઉજવણી કરી હતી. નગરમાં આવેલા શ્રી કંકેશ્વર ચેરીટેબલ ટ્રસ્ટ ( શ્રીરાધાકૃષ્ણ મંદિર ) જીન બજાર તેમજ વિશ્વ હિન્દુ પરિષદ નેત્રંગ, રાષ્ટ્રીય સંવયસેવક સંઘ તેમજ સમસ્ત હિન્દૂ સમાજ થકી જીનબજાર ખાતે આવેલા રામજી મંદિર ખાતે સવારે ૯ કલાકથી રામધૂન શરૂ થઈ હતી, શ્રીરામ જન્મોત્સવ બપોરે ૧૨.૩૯ થતા જય જય શ્રીરામનો જયઘોષ મંદિર પરિસરમાં થતા જ અનેરુ વાતાવરણ જોવા મળ્યું હતું. મહાઆરતીનો લાભ નગરજનોએ લીધો હતો. ભગવાનની ભવ્ય શોભાયાત્રા બપોરના ચાર કલાકે જલારામ મંદિર ગાંધીબજારથી જય શ્રીરામના જય ઘોષ અને ડી.જે. ના સથવારે પ્રસ્થાન થઈ હતી, જે જલારામ ફળિયા થઈને, જવાહરબજાર પહોંચતા નવ દુર્ગા યુવક મંડળ તેમજ ચિરાગભાઈ સોની પરિવાર તરફથી ભવ્ય સ્વાગત કરવામા આવ્યું હતું. ચાર રસ્તા ખાતે સુર્યા યુવક મંડળ થકી ઠંડા પાણી સહિત છાશનું વિતરણ કરવામા આવ્યું હતું. આ યુવક મંડળમા લઘુમતી સમાજના યુવક પણ હોય જેઓ થકી છાશ પાણીના વિતરણની વ્યવસ્થા કરી કોમી એકતાના દર્શન કરાવ્યા હતા. રામજી મંદિરે શોભા યાત્રા પરત ફરી હતી. નેત્રંગ પોલીસ સ્ટેશનનાં પીએસઆઈ આર.આર. ગોહિલ તેમજ સ્ટાફ, ગ્રામ રક્ષક દળ મહિલા તેમજ પુરુષ જવાનોએ કોઈપણ જાતનો અનિચ્છનિય બનાવ ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ખડેપગે તૈનાત રખાયો હતો.

Milano
MULTIPLEX
બારડોલી

**DATE: 19/04/2024 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-01**

### ભરૂચના બરાનપુરા વિસ્તારમાં

# ઘરમાં ચાલતા દેહવ્યાપારના સ્ટિંગ ઓપરેશન બાદ પોલીસની રેડ

ભરૂચ,તા.૧૮

ભરૂચમાં શહેરના બરાનપુરા વિસ્તારના મકાનમાં ચાલતાં દેહના વ્યાપાર પર ડમી ગ્રાહક મોકલી સ્ટીંગ ઓપરેશન કર્યા બાદ સફાળી જાગેલી પોલીસે રેડ પાડી દેહવ્યાપારનો ભંડાફોડ કર્યો હતો.

## સ્થાનિક રહીશો દ્વારા વારંવાર રજૂઆત છતાં કોઈ કાર્યવાહી નહીં કરાતા આખરે સ્ટિંગ ઓપરેશન કરાયું

ભરૂચ શહેરના કસક ગરનાળા વિસ્તાર પાસેના એક મકાનમાં મોટાપાયે દેહવ્યાપારની પ્રવૃત્તિ ચાલતી હોવા બાબતે સ્થાનિક રહીશોએ રજૂઆત કરી હતી. જે બાબતે સ્થાનિક રહીશોએ પોલીસને વારંવાર જાણ કરવા છતાં કોઈ કાર્યવાહી કરાતી નહીં હોવાનો પણ રોષ ઠાલવ્યો હતો. તેમજ આ બાબતે મહિલાઓને ટોકતાં એટ્રોસિટિ અને આપઘાત કરી લેવાની ધમકી આપતી હોવાના આક્ષેપ કર્યા હતાં. જે બાદ કેટલાક લોકોએ આ મકાનમાં ચાલતી ગેરકાયદે પ્રવૃત્તિનું સ્ટીંગ ઓપરેશન કરી વીડિયો બનાવી જિલ્લા પોલીસ વડા અને ડીવાયએસપીને મોકલવામાં આવ્યો હતો. જે બાદ સફાળી જાગેલી એ ડિવિઝન પોલીસે વીડિયોમાં દર્શાવેલા મકાનમાં રેડ પાડી હતી. જે દરમિયાન મકાનમાંથી કેટલીક સેક્સ વર્કર અને ગ્રાહકો મળી આવતાં પોલીસે કાર્યવાહી કરી હતી.

**DATE: 19/04/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### માત્ર અનુભવના આધારે દર્દીઓને તપાસી દવાઓ આપતો

# ઝઘડિયાના દધેડા ગામેથી ઝોલાછાપ તબીબ પોલીસના હાથેથી ઝડપાયો

ભાસ્કરન્યૂઝ | ઝઘડિયા

ઝઘડિયા તાલુકાના દધેડા ગામે મુળ પશ્ચિમ બંગાળનો રહીશ દુકાન ભાડે રાખીને દવાખાનું ચલાવી રહયો હોવાની માહિતી પોલીસને મળી હતી. પોલીસે તપાસ કરતાં અમરજીત ક્લિનિકના નામે દવાખાનું ચાલતું હોવાનું જણાયું હતુંઅને ત્યાં એક જાણ સ્ટેથોસ્કોપ લટકાવીને ડોકટર તરીકે પ્રેક્ટિસ કરતો જોવા મળ્યો હતો. તેનુ નામ પૂછતાં તે બનમાલીરોય ડેબધુલાલ



રોય હો[illegible] તેની પાસે કોઈ મેડિકલ પ્રમાણપત્ર વિના માત્ર અનુમાન અને અનુભવના આધારે દર્દીઓને તપાસીને ગેરકાયદેસર રીતે એલોપથી દવાઓ અને ઈન્જેક્શનો આપીને સારવાર કરતો હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી હતી.ધારોલી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના તબીબ ડો.ભુમિબેન મકવાણાએ જીઆઈડીસી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ઘટના સ્થળેથી એલોપથી દવાઓ,ઈન્જેકશનની સોય તેમજ મેડીકલને લગતા સાધનો મળી કુલ રૂપિયા 4,000 નો મુદ્દામાલ કબજે લીધો હતો.

**DATE: 20/04/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

ભરૂચ હાઇવે પર સરદારબ્રિજ પાસે ઉભેલી ટ્રકની પાછળ હાઇવા ઘૂસી જતાં અકસ્માતમાં એકને ઇજા પહોંચી

# કેબિનમાં કણસતાં ડ્રાઈવરે કહ્યું : સાહેબ મારા પગ ફસાઈ ગયાં છે, મને જલ્દી અહીંથી બહાર કાઢો

## ક્રેઇનની મદદથી બંને ટ્રકને હટાવીને એક કલાકની જહેમત બાદ રેસ્કયૂ કરી જીવ બચાવી લેવાયો


સ્થળ: જૂનો સરદાર બ્રિજ, સમય સવારે 10 કલાકે


સ્થળ: જૂનો સરદાર બ્રિજ, સમય સવારે 11 કલાકે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચના હાઈવે પર અમે સામાન્ય દિવસોની જેમ સવારના સમયે પેટ્રોલિંગ કરી રહયાં હતાં તે સમયે જૂના સરદાર બ્રિજ પર ટ્રાફિકજામ હોવાથી હું અને મારા સાથી કર્મચારીઓ બ્રિજ પર જોવા માટે ગયાં હતાં ત્યારે બ્રિજની વચ્ચોવચ એક ટ્રકની પાછળ હાઈવા અથડાયેલું હતું અને હાઈવાનો ડ્રાઈવર કેબિનમાં ફસાયેલો હતો. મે અને મારી ટીમ તેની પાસે ગઈ ત્યારે તે હોશમાં હતો અને તેનું પહેલું વાકય હતું : સાહેબ મારા પગ ફસાયેલાં છે, મને કેબિનની બહાર કાઢો. આગળની ટ્રકની પાછળ તેની ટ્રક ધડાકાભેર અથડાઈ હોવાથી તેના પગ ફસાયેલાં હતાં.

ડ્રાઈવરને બહાર કાઢવા માટે અમે ક્રેઈન અને હાઈડ્રા બોલાવ્યું હતું. ક્રેઈનની મદદથી બંને વાહનોને એકબીજાથી અલગ કરવામાં આવ્યાં હતાં અને કેબિનના અમુક પતરાઓ કાપીને હાઈવાના ડ્રાઈવરને અમે બહાર કાઢયો હતો અને તેને 108માં સારવાર માટે મોકલી આપ્યો હતો. હાઈવાના માલિક કામરેજના હોવાની માહિતી મળતાં અમે તેમનો સંપર્ક કર્યો હતો અને તેઓ 45 મિનિટમાં સ્થળ પર આવી ગયાં હતાં. જિલ્લા ટ્રાફિક પીઆઈ ભાવના મહેરિયાને બનાવની જાણ થતાં તેમણે પોલીસની બીજી ટીમ પણ સ્થળ પર મોકલી હતી. એક ટીમ રેસ્કયુ ઓપરેશનમાં લાગી હતી અને બીજી ટીમ ટ્રાફિક મેનેજમેન્ટમાં લાગી હતી. એક કલાકની જહેમત બાદ હાઈવે પરનો ટ્રાફિક પૂર્વવત થયો હતો.

( રેસ્કયૂની કામગીરી કરનારા ટ્રાફિક પોલીસના કોન્સટેબલ લતીશભાઈ સાથેની વાતચીતના આધારે)

**DATE: 20/04/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### કઇ કંપનીમાંથી મુદ્દામાલ ભરાયો હતો તેની પોલીસે તપાસ શરૂ કરી

# વાપીથી બુરહાનપુર મોકલાઈ રહેલો 71 લાખનો ગુટખાનો જથ્થો નેત્રંગમાં સીઝ

ભાસ્કરન્યૂઝ | નેત્રંગ



લોકસભાના ચૂંટણીના માહોલને લઈને નેત્રંગ પોલીસ મોવી ચોકડી વાહન ચેકીંગમાં હતા ત્યારે નેત્રંગ તરફથી એક ટેમ્પો આવતા ટીમે તેની તલાશી લેતાં તેમાં પાન મસાલા તેમજ જરદાનો વિપુલ જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ટેમ્પોના ડ્રાઈવર ઉમેશ રામદેવ પાલને ટેમ્પામાં શું ભર્યું છે તેમ પૂછતા તેમાં શું ભર્યું તે પણ તેને ખબર નહિ અને તેનું બિલ પણ નથી તેમ કહેતા પોલીસે બંધ બોડીનો નાગાલેન્ડ પાસીંગનો ટેમ્પો નેત્રંગ પોલીસ સ્ટેશન લાવી તેમાં તપાસ કરી હતી. ટેમ્પોમાં 71 લાખની મત્તાનો જરદાના કુલ 150 મોટા કોથળા ભરેલ વીમલનો જથ્થો મળી પોલીસે વિમાનો જથ્થો તેમજ ટેમ્પો તેમજ તેનો મોબાઈલ 10 હજાર મળી કુલ 81.14 લાખના મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ટીમે પુછપરછ કરતાં ઉમેશ રામદેવ પાલ( રહે કાકડકોપર ટ્રાન્સપોર્ટ ઓફિસ ,વલસાડ)નાએ જણાવ્યું હતું કે, ગુટખાનો જથ્થો વાપીથી ભરી મધ્યપ્રદેશના બુરહાનપુર લઈ જવાનો હતો. પરંતુ કઈ કંપનીમાંથી ભર્યો અને ક્યાં ઉતારવાનો હતો તે હજુ પોલીસ શોધી રહી છે.

**DATE: 20/04/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### અંકલેશ્વરના મહેન્દ્રનગર વિસ્તારમાં પોલીસની તપાસ

# અનાજ-કરિયાણાની દુકાનમાં ગેસ રિફિલિંગ કરતાં વેપારીની ધરપકડ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર



અંકલેશ્વરના મહેન્દ્રનગ માં કરિયાણાની દુકાનમાં ચાલતા ગેરકાયદેસર ગેસ રિફિલિંગ કૌભાંડને ઝડપી પાડવામાં પોલીસને સફળતા મળી છે. દુકાનમાંથી 23 નંગ નાની મોટી ગેસ ની બોટલ સાથે વેપારીની ધરપકડ કરવામાં આવી છે.

બી ડિવિઝન પોલીસની ટીમે ગડખોલ પાટિયા વિસ્તારમાં આવેલ જયસ્વાલ કરિયાણાની દુકાનમાં દરોડો પાડયો હતો. જેમાં રાંધણગેસની નાની અને મોટી બોટલો મળી આવી હતી. દુકાનમાં મોટી બોટલોમાંથી ગેસ નાની બોટલોમાં ભરવામાં આવી રહયો હતો. દુકાનમાંથી ગેસ રીફિલિંગ કરવાના સાધનો પણ મળ્યાં હતાં. ગેસની બોટલો તથા સાધનો મળી 20 હજારનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. મૂળ બિહાર ના હાલ મહેન્દ્ર નગરમાં રહેતા બૈજનાથ શ્રીપ્રસાદ જયસ્વાલની ધરપકડ કરી તેની વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 20/04/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### કામધેનુ એસ્ટેટમાં એસઓજીની ટીમના દરોડા

# અંકલેશ્વરમાંથી 4 હજાર કિલો ભંગાર સાથે ટેમ્પો જપ્ત કરાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર



કામધેનુ એસ્ટેટમાંથી પોલીસે 4020 કિલો ભંગાર અને ટેમ્પો મળી 2.80 લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. કાપોદ્રા રોડ ખાતે આવેલ કામધેનુ એસ્ટેટમાં એક ટેમ્પામાં શંકાસ્પદ ભંગારનો જથ્થો લઈ જવામાં આવી રહ્યો હોવાની માહિતી એસઓજીને મળી હતી. પોલીસે દરોડો પાડી તપાસ કરતાં એક ટેમ્પોમાંથી એસ.એસ.પ્લેટ, પતરાઅને એંગ્લોના ટુકડા મળી આવ્યા હતાં. અંસાર માર્કેટમાં રહેતા ટેમ્પો ચાલક ફુલબદન યાદવ પાસે જરૂરી બિલ તેમજ અઢાર પુરાવા માંગતા તે ગલ્લા તલ્લા કરવા લાગ્યો હતો.ભંગાર ચોરીનું હોવાનું માનીને પોલીસે ટેમ્પા ડ્રાઈવરની અટકાયત કરી હતી તથા 4 હજાર કિલો ભંગાર અને ટેમ્પો મળી કુલ 2.80 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

**DATE: 20/04/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**



ઝઘડિયામાં ઠપકો આપનારા યુવાનને જ્યારે સાયખામાં સિક્યુરિટી ગાર્ડને મોતને ઘાટ ઉતારાયાં : બંને કેસમાં આરોપીઓની ધરપકડ

# જિલ્લામાં છેડતીના બે કિસ્સામાં 2 યુવાનની કરપીણ હત્યા

ભરૂચ જિલ્લામાં મહિલાઓની છેડતીના કિસ્સામાં હત્યાના બે બનાવ સામે આવતાં ચકચાર મચી છે. સાયખામાં આધેડ વયની મહિલાની છેડતી બાબતે સિક્યુરીટી ગાર્ડને કંપનીમાંથી બહાર ખેંચી લાવી ગામલોકોએ ઢોર માર મારતાં તેનું સારવાર દરમિયાન મોત થયું હતું જ્યારે ઝઘડિયામાં લગ્નના વરઘોડામાં યુવતીઓને પથ્થર મારી રહેલાં યુવકને ટોકવા જતાં યુવકની પાના-પેચિયા મારીને કરપીણ હત્યા કરી નાખવામાં આવી હતી. હત્યાના બે બનાવના પગલે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિના લીરેલીરા ઉડી ગયાં છે. સાયખા હત્યા કેસમાં પોલીસે 15 આરોપીની ધરપકડ કરી છે જ્યારે ઝઘડિયામાં પણ આરોપીને ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દેવાયો છે. જિલ્લામાં ટૂંકાગાળામાં બનેલાં હત્યાના બે બનાવના પગલે બે પરિવારોને રડવાનો વારો આવ્યો છે અને તેમના પરિવારનો આશરો છીનવાઇ ગયો છે.

મૂળ ઉત્તરાખંડના મૃતક યુવાન સામે સાયખાની આધેડ મહિલાની છેડતીનો આરોપ હતો

## પારસ ફાર્મા કેમના સિક્યુરિટીને ગેટની બહાર લાવી ઢોર માર મારી નાળા પાસે નાખી દીધો

ભાસ્કર ન્યૂઝ | વાગરા

વાગરાની સાયખા જીઆઇડીસીમાં આવેલી પારસ ફાર્મા કેમ કંપનીમાં મુળ ઉત્તરાખંડના ધુનોલીનો રહેવાસી 37 વર્ષીય પ્રકાશસિંહ દાનસિંહ ચૈસીર સિક્યુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતો હતો. 17મીના રોજ તે જીઆઇડીસીના રોડ પર નાળા પાસેથી અર્ધબેભાન હાલતમાં મળી આવ્યો હતો. સિક્યુરીટી કંપનીના માણસોએ સ્થળ પર પહોંચી ઈજાગ્રસ્ત પ્રકાશસિંહ પર પાણી નાખતા તે ભાનમાં આવ્યો હતો પણ કંઇ બોલી શકતો ન હતો. તેના શરીર પર ઈજાના નિશાન હોવાથી તેને સારવાર માટે ભરૂચની સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો જ્યાં તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. બીજા દિવસે સિક્યુરીટીનો કોન્ટ્રાક્ટર કંપની પર તપાસ કરવા ગયો હતો ત્યારે પ્રકાશને કેટલાક લોકોએ માર માર્યો હોવાની હકીક્ત સામે આવી હતી. ટેમ્પામાં આવેલાં કેટલાક ઈસમોએ પ્રકાશસિંહને કંપનીની બહાર કાઢી માર માર્યો હતો. સાયખાના અનિલ રાઠોડ, દિલીપ જોગી, સુરેશ રાઠોડ, ભરત રાઠોડ, વિજય રાઠોડ, સુજલ રાઠોડ, હિતેશ રાઠોડ તેમજ રાકેશ રાઠોડ આ સિવાય કંપની પર લાવતા અગાઉ માર મારવામાં શામેલ દશરથ રાઠોડ, ચીમન પ્રજાપતી, અરવિંદ રાઠોડ, સુનિલ રાઠોડ, અજય જોગી, મહેશ રાઠોડ, કનુ રાઠોડએ ગામની આધેડ વયની મહિલાની છેડતી કરનાર સીક્યુરીટી ગાર્ડ પ્રકાશસિંહ દાનસિંહ ચોસીરેને માર માર્યો હોવાનું ખુલ્યું હતું. સિક્યુરીટી ગાર્ડને મોતને ઘાટ ઉતારી દેનારા 15 આરોપીની વાગરા પોલીસે ધરપકડ કરી છે.

પથ્થર મારનારાને કહેવા ગયેલા યુવકને છાતીમાં રીંગ પાનાના ઘા મારી દેતાં મોતને ભેટ્યો

## ઝઘડિયામાં લગ્નમાં આવી રીતે પથ્થર નહિ માર, વાગી જશે તેવું કહેનારને રહેંસી નાખ્યો

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ઝઘડિયાના મોહન ફળિયા વિસ્તારમાં લગ્નના પ્રસંગને લઈને રાતના નાચવાનો કાર્યક્રમ ચાલતો હતો. આ દરમિયાન ફળિયામાં રહેતો ઉમેશ વસાવા નાચતી છોકરીઓને પથ્થર મારી છેડતી કરતો હતો.

જેમાં ગાયત્રી ફળિયામાં રહેતી યુવતીને પથ્થર વાગતાં તેણે પોતાના ઓળખીતા ઉજ્જવલ વસાવાને પથ્થર મારી રહેલાં ઉમેશને સમજાવવા માટે કહયું હતું. ઉજ્જવલે ઉમેશ પાસે જઈને કહ્યું હતું કે આવી રીતે પથ્થર ના માર કોઈને વાગી જશે.આ સાંભળીને ઉમેશ ઉશ્કેરાઇ ગયો હતો અને ઉજ્જવલ સાથે ઝપાઝપી કરવા લાગ્યો હતો. ઝઘડા દરમિયાન ઉમેશે તેની પાસે રહેલાં રીંગ પાનાના ઉપરાછાપરી ઘા ઉજ્જવલની છાતીના ભાગે મારી દીધાં હતાં. ઉજ્જવલને ગંભીર ઇજા થતાં તેને સારવાર માટે લઈ જવાયો હતો પરંતુ તેનું મોત થયું હતું. યુવતી ની ફરિયાદના આધારે પોલીસે ઉમેશ રણછોડ વસાવા સામે ગુનો નોંધી તેની ધરપકડ કરી છે. લગ્ન પ્રસંગમાં નાચતી વખતે થયેલ સામાન્ય બોલાચાલી બાદ એક આશાસ્પદ યુવકની હત્યા થતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી હતી.

મૃતક યુવાનની તાજેતરમાં જ સગાઇ થઇ હોવાની વિગતો પણ સામે આવી રહી છે. હત્યાના બનાવના પગલે ઝઘડિયા નગરમાં સન્નાટો છવાઇ ગયો હતો. મૃતક યુવાન તેના પરિવારનો આધારસ્તંભ હતો અને તેની હત્યાથી પરિવારના માથે આભ તૂટી પડયું છે.

**DATE: 21/04/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-03**

### કંપનીમાં ગેરકાયદે રીતે 17 લાખની મત્તાનો જ્વલનશીલ મિક્ષ સોલ્વન્ટનો જથ્થો રાખ્યો હતો

# દહેજની ગુમાનદેવ કેમિકલના સંચાલક સામે માનવજીવ જોખમમાં મૂકવા સબબની ફરિયાદ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ એસઓજીની ટીમને ગત નવેમ્બર મહિનામાં ચોક્કસ બાતમી મળી હતી કે, દહેજમાં આવેલી ગુમાનદવ કેમિકલ નામની કંપનીમાં પતરાના શેડ નીચે ગેરકાયદે શંકાસ્પદ સોલ્વન્ટ ભરેલાં બેરલો મુકેલાં છે. જેના પગલે એસઓજી પીઆઈ એ. એ. ચૌધરી તેમજ તેમની ટીમે સ્થળ પર દરોડો પાડતાં સ્થળ પર 200 લિટરના 427 બેરલોમાં કુલ 85,400 લિટર મિક્ષ સોલ્વન્ટ ભરેલું મળી આવ્યું હતું. ટીમે સ્થળ પર હાજર કંપનીના સુપરવાઈઝર જયદિપ મનસુખ વાઘેલા (હાલ રહે. સ્કાયહબ, દહેજ, મુળ રહે. ધારી, અમરેલી)નાએ જણાવ્યું હતું કે, બેરલોમાં મિક્ષ સોલ્વન્ટ તેમજ રિકવર મટિરિયલ્સ તેમજ વેસ્ટેજ ભરેલું છે. જોકે, તેમની પાસે તે અંગેના કોઈ આધાર પુરાવા ન હોઈ ટીમે જે-તે સમયે તમામ મુદ્દામાલ જપ્ત-સીલ કરી જીપીસીબીની ટીમને જાણ કરવામાં આવી હતી.



પોલીસે એફએસએલની ટીમને જાણ કરતાં ટીમ સ્થળ પર પહોંચી હતી.બીજી તરફ જીપીસીબીની ટીમે પણ સ્થળ પર પહોંચતાં બન્નેએ મળી મિક્ષ સોલ્વન્ટના અલગ અલગ 11થી વધુ સેમ્પલો મેળવી તેને પૃથ્થકરણ માટે સુરત મોકલાયાં હતાં. જેના રિપોર્ટમાં મિક્ષ સોલ્વન્ટમાં ટોલ્વેઈન, બેન્ઝિન, મિથેનાઈલ ક્લોરાઈડ, ક્લોરોફોર્મ સહિતના વિવિધ કેમિકલની હાજરી જણાઈ હતી. જેમાં ઈથેનોલ તેમજ મિથેનોલની હાજરી જણાતાં કંપની પાસે આ પ્રકારના મિથાઈલ આલ્કોહોલ રાખવા માટે નશાબંધી આબકારી વિભાગની પરવાનગી કે લાયસન્સ છે કે નહીં તે તપાસ કરતાં કંપનીના સંચાલક વર્ષલ પ્રમોદ પટેલ (રહે. આવિષ્કાર બંગ્લોઝ, અંક્લેશ્વર) સામે ન મળતાં સંચાલક સામે લોકોનો જીવ જોખમમાં મુકવા સબબનો ગુનો નોંધ્યો હતો.

**DATE: 21/04/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### અનમોલ શોપિંગ પાસે ઘટના બની હતી

# અંકલેશ્વરમાં ચોરીની મોપેડ સાથે ફૂટપાથ પર રહેતો તસ્કર ઝબ્બે

ભાસ્કરન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરની અફીફા રેસિડેન્સી ખાતે રહેતા મોહમ્મદહુશેનની મોપેડ અનમોલ પ્લાઝા શોપિંગ સેન્ટર પાસેથી ચોરી થઈ હતી. બપોરના 4 થી 4.15 વાગ્યાના અરસામાં એટલે કે માત્ર 15 મિનિટમાં એકટીવા ચોરી તસ્કરો ફરાર થઈ ગયાં હતાં.

બે સપ્તાહ પહેલાં થયેલી ચોરી અંગે બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવતાં પોલીસે તપાસ આદરી હતી. વાહનચેકિંગ દરમિયાન જીતાલી ગામ પાસે એકટીવા પર પસાર થતાં એક યુવાનને પોલીસે અટકાવ્યો હતો. તેની પાસે એકટીવાના દસ્તાવેજો નહિ મળતાં આકરી પૂછપરછ કરવામાં આવી હતી. તેણે પોતાની ઓળખ અનમોલ પ્લાઝા શોપિંગના ફૂટપાથ પર રહેતાં કિરીટ ઉર્ફે રાજુહરમાન પટેલ તરીકે થઈ હતી. તેણે એકટીવા ચોરીની હોવાની કબૂલાત કરી હતી.

**DATE: 21/04/2024 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# ભંગારચોરીમાં આરોપી ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

સારંગપુર ગામ ખાતે પદ્માવતી નગરમાં ગોડાઉનમાં દરોડા દરમિયાન પોલીસે 2.79 લાખની કિમંતનો ભંગારનો જથ્થો ઝડપી પાડયો હતો. ભંગારીયા રોશનસિંગની આકરી પૂછપરછ કરતા તેના મિત્રો એવા અમિત, મિથિલેશ, મુરઘી, જીતેન્દ્રએ જીઆઇડીસીમાં બંધ પડેલ મુન્દ્રા ડેનિમ કંપન માંથી ચોરી કરી ભંગાર તેની દુકાનમાં રાખ્યો હોવાની કબુલાત કરી હતી. આ કેસમાં એક આરોપી અમિતસિંગને ઝડપી લેવાયો છે. તે અંકલેશ્વરના ભાવના ફાર્મ પાસે રહે છે.

**DATE: 21/04/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-09**

### આરોપી બે વર્ષથી ભાગતો ફરતો હતો

# અંકલેશ્વરમાં ટ્રાવેલ્સ સંચાલક પર ફાયરિંગ કરી હત્યા કરનાર ઝડપાયો

| અંકલેશ્વર |

અંકલેશ્વરની ભાગ્યોદય સોસાયટી પાસે પોણા બે વર્ષ પહેલા ટ્રાવેલ્સ સંચાલક પર ફાયરિંગ કરી હત્યા કરવાના મામલામાં પેરોલ પોલીસે વધુ એક આરોપીને ઝડપી પાડ્યો હતો.

ગત તારીખ-૩જી ઓગસ્ટ-૨૦૨૨ના રોજ રાત્રે અંકલેશ્વર શહેરના અલનૂર કોમ્પ્લેક્સ ભાગ્યોદય સોસાયટીમાં રહેતા સદાક્ત અહમદ ઉર્ફે મુસા સઈદ અહમદ વાડીવાળા પોતાની જ્યૂપિટર ગાડી લઈ ઘરે આવી રહ્યા હતા. આ દરમિયાન અજાણ્યા ઈસમોએ તેમના પર ફાયરિંગ કરી ફરાર થઈ ગયા હતા. ઘાયલ સદાક્ત અહમદ ઉર્ફે મુસા સઈદ અહમદ વાડીવાળાને અંકલેશ્વરની સરદાર પટેલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેમનું મોત નીપજયું હતું.

આ બાબતે અંકલેશ્વર શહેર પોલીસ મથકે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો અને અગાઉ ત્રણ ઈસમોને ઝડપી પાડ્યા હતા. જ્યારે હત્યાના ગુનામાં કાવતરુ ઘડનાર મુખ્ય આરોપી મોહંમદ શફી ઉર્ફે કાનાનીને અંકલેશ્વર આવનાર છે. જેવી બાતમીના આધારે પેરોલ પોલીસે વોચ ગોઠવી હતી અને રેલ્વે ગોદી રોડ ઉપર આવેલ ભાગ્યોદય સોસાયટીમાં રહેતો મોહંમદ શફી ઉર્ફે કાનાનીને ઝડપી પાડ્યો હતો.

**DATE: 21/04/2024 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-09**

### કરિયાણાની દુકાનમાં ગેસ ફિલિંગ થતું હતું

# અંકલેશ્વરમાં ગેસ રીફિલિંગનું કૌભાંડ: એકની ધરપકડ કરાઈ

। અંકલેશ્વર ।

અંકલેશ્વર બી ડિવિઝન પોલીસે પીઆઈ વિકે ભુતિયાની માહિતી અનુસાર ગડખોલ ગામે મહેન્દ્ર નગરમાં એક કરિયાણાની દુકાનમાં ગેસ ફીલીંગનું કૌભાંડ ઝડપાયું હતું. જેમાં એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર અંકલેશ્વર બી ડિવિઝનના પીઆઈ વી કે ભૂતિયાને બાતમી મળી હતી કે, અંકલેશ્વર તાલુકાના ગડખોલ ગામે એક કરિયાણાની દુકાનમાં ગેસ રિફિલિંગનું કૌભાંડ પણ ચાલે છે. જેને આધારે પોલીસ સ્ટાફે રેડ કરતા જયસ્વાલ કરિયાણા સ્ટોરમાંથી ગેસ રીફિલિંગનું કૌભાંડ ઝડપ્યું હતું. જેમાં મૂળ બિહારના અને હાલ ગડખોલ મહેન્દ્રનગર માં રહેતા બૈજનાથ શ્રીપ્રસાદ જયસ્વાલની દુકાન માં રેડ કરી હતી.

આ દરોડામાં મોટી બોટલમાંથી નાની બોટલમાં ગેસ રિફિલિંગ કરવાનું કૌભાંડ ઝડપાયું હતું. જેમાં પોલીસે કુલ ૨૩ બોટલ મુજબ કરી હતી અને વજનિયા સાથે ૨૦૯૦૦ રૂપિયાનો મુદ્દામાલ પણ જપ્ત કર્યો છે. બનાવ અંગે પોલીસે બૈજનાથ જયસ્વાલ વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.